# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/096 Dt. 14/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ યુકો બેન્ક દ્વારા આયોજિત 'રિસોર્સિસ, એમએસએમઇ એન્ડ એગ્રી કાર્નિવલ'માં એમએસએમઇ ક્ષેત્રની સંભાવનાઓ પર માર્ગદર્શન આપ્યું

**સુરતઃ** યુકો બેન્ક દ્વારા તા. ૧૧ ઓગષ્ટ ૨૦૨૫ના રોજ ઇમ્પિરિયલ મોલ, અડાજણ, સુરત ખાતે આવેલા દિલ સે રે બેન્કવેટમાં 'રિસોર્સિસ, એમએસએમઇ એન્ડ એગ્રી કાર્નિવલ'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જિરાવાલા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહયા હતા. આ કાર્યક્રમમાં શ્રી અશોક જીરાવાલાએ એમએસએમઇ ક્ષેત્ર માટેની સંભાવનાઓ વિષે માર્ગદર્શન આપ્યું હતું.

આ કાર્યક્રમમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જિરાવાલાની સાથે યુકો બેન્કના કોલકાતા મુખ્ય કાર્યાલયના એમએસએમઇ ઓલ ઈન્ડિયા જનરલ મેનેજર શ્રી પ્રેમશંકર ઝા તથા યુકો બેન્ક સુરતના ઝોનલ હેડ શ્રી નિરજ ડાકોરકર અને ચેમ્બરની એગ્રીકલ્ચર અને એનિમલ હસબેન્ડરી કમિટીના ચેરમેન શ્રી કે.બી. પિપલીયા ઉપસ્થિત રહયા હતા.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ પોતાના સંબોધનમાં એમએસએમઇ ક્ષેત્રની વર્તમાન પ્રવૃત્તિઓ, ભવિષ્યની સંભાવનાઓ તથા વિકાસની તકો અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, એમએસએમઇ ક્ષેત્ર ભારતની આર્થિક વૃદ્ધિમાં મહત્વપુર્ણ યોગદાન આપે છે અને રોજગારી આપવામાં પણ મહત્વની ભૂમિકા

ભજવે છે, આથી ઉદ્યોગ સાહસિકોએ અદ્યતન ટેકનોલોજી અપનાવી તેઓની પ્રોડકટ માટે વિશ્વમાં નવા બજારો શોધવા જોઇએ. એના માટે ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓએ બેન્કિંગ સગવડોનો યોગ્ય ઉપયોગ કરીને પોતાના ધંધા – વ્યવસાયને ભારતમાં ડોમેસ્ટીક કક્ષાની સાથે સાથે વૈશ્વિક કક્ષાએ સ્પર્ધાત્મક બનાવવો જોઈએ.

વધુમાં, તેમણે યુકો બેન્કને ચેમ્બર ઓફ કોમર્સ ખાતે સુરતના ઉદ્યોગ સાહસિકો અને વેપારીઓ માટે આવા જ પ્રકારના કાર્યક્રમોનું સંયુકત રીતે આયોજન કરવા માટે આમંત્રણ આપ્યું હતું, જેથી ઉદ્યોગ ક્ષેત્ર સાથેના સંબંધો વધુ મજબૂત બની શકે અને એમએસએમઇ ક્ષેત્રના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળી શકે.